# પેજ3

## આલિયા ભટ્ટે ગણેશ ઉત્સવની ઝલક શેર કરી



મુંબઈ, તા. 20 ગણપતિ બાપ્પા ઘેર આવ્યા અને આલિયા ભટ્ટે ચાહકોને તેમના ગણેશ ચતુર્થીના ઉત્સવની એક નાની ઝલક શેર કરી હતી. શનિવારે અભિનેત્રીએ તેના પરિવારના ગણેશ ઉત્સવની કેટલીક તસવીરો શેર કરી હતી, જેમાં રણબીર કપૂર, નીતુ કપૂર, સોની રાઝદાન, શાહીન ભટ્ટ અને પુત્રી રાહા એકસાથે જોવા મળ્યા હતા. આલિયાએ તેનું કેપ્શન ટૂંકું અને મધુર રાખ્યું: "વીતેલું અઠવાડિયું". જોકે, તસવીરો એક સંપૂર્ણ વાર્તા કહે છે. ગણેશજીની મૂર્તિને ઘેર લાવવાથી લઈને પૂજા અને આરતી કરવા સુધી, પરિવાર ઉજવણીનો પૂરેપૂરો આનંદ લેતો દેખાયો હતો.

## 'બધાનું વજન વધે છે': કૈટરીના કૈફની ટ્રોલિંગ સામે સલમાન ખાને કહ્યું

મુંબઈ, તા. 20 'બિગ બોસ'ની વર્તમાન સીઝન હોસ્ટ કરી રહેલા અભિનેતાએ ઓનલાઇન અન્ય લોકોને નીચા દેખાડીને પૈસા કમાતા લોકોની ઝાટકણી કાઢી હતી અને સેલિબ્રિટીઝના બોડી-શેમિંગ અને એજ-શેમિંગની વધતી સંસ્કૃતિ પર સવાલ ઉઠાવ્યા હતા. સલમાને પ્રેગ્નેન્સી પછી સ્ત્રીઓ તેમના શરીરને લઈને જે તપાસ કે ટીકાનો સામનો કરે છે તે વિશે પણ વાત કરી હતી. કેટરીનાનું નામ લીધા વિના સંબોધતાં સલમાને કહ્યું હતું કે, "જે કોઈ પ્રેગ્નન્ટ બને છે તેને તમે કેમ ટ્રોલ કરો છો? પ્રેગનન્ટ થયા પછી દરેકનું વજન વધી જાય છે... પ્રેગ્નન્ટ હતી તો વજન વધી ગયું, પાછી મૂવીઝમાં આવશે તો ફિટ થઈ જશે. તેને તેના પરિવાર સાથે સમય વિતાવવો હતો."



## બિગ બોસ ૨૦: ટ્રોલરોને ઝાટકવા સલમાન શર્ટલેસ થયો

મુંબઈ, તા. ૨૦ અભિનેતા સલમાન ખાન, જે હાલમાં 'બિગ બોસ ૨૦' હોસ્ટ કરી રહ્યો છે, તેમણે આ સપ્તાહના 'વીકેન્ડ કા વાર' એપિસોડ દરમિયાન ઓનલાઇન ટ્રોલિંગની સંસ્કૃતિ સામે અવાજ ઉઠાવ્યો હતો. સલમાને કહ્યું, "તમે શું ટ્રોલ કરવા માંગો છો? અને શા માટે ટ્રોલ કરવા માંગો છો? માનસિકતા શું છે? મારી સાથે પણ આવું થયું છે. ભાઈ મોટા હો ગયા હૈ. કર લો ના ટ્રોલ, યે લો." ત્યાર બાદ તેમણે પોતાની ટોપી અને જેકેટ ઉતારી દીધા અને ઉમેર્યું, "કર લો ટ્રોલિંગ."



## મુંબઈમાં ગણેશ પંડાલમાં વીજ કરંટ લાગવાથી 2નાં મોત

**લાલબાગ** વિસ્તારમાં આવેલ ગણેશ પંડાલમાં પાણીની પરબમાં કરંટ ઉતરતો હતો, 4ને ઇજા

**એક** બાળકી ગંભીર હાલતમાં હોસ્પિટલમાં

મુંબઈ, તા. 20 (પીટીઆઈ) મુંબઈના લાલબાગ વિસ્તારમાં ગણેશ પંડાલ પાસેના અસ્થાયી પીવાના પાણીના સ્ટોલ પર વીજ આંચકો લાગવાથી એક આઠ વર્ષની બાળકી અને એક મહિલાનું મોત થયું હતું, જ્યારે અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

આ ઘટના રવિવારે વહેલી સવારે 2.20 વાગ્યે કાલાચૌકી ખાતે દત્તારામ લાડ માર્ગ પર આવેલા દિગ્વિજય મિલ ચાલ (રો ટેનામેન્ટ)માં મહાગણપતિ ઉત્સવ મંડળના પ્રવેશદ્વાર પાસે શોર્ટ સર્કિટના કારણે બની હતી, જ્યારે ચાલુ ગણેશ મહોત્સવ દરમિયાન આ વિસ્તારમાં ભારે ભીડ જોવા મળી હતી. અધિકારીઓએ જણાવ્યું કે, પંડાલના પ્રવેશદ્વાર પાસે ઊભા કરાયેલા અસ્થાયી પીવાના પાણી અને કોલ્ડ ડ્રિંક્સના સ્ટોલ પર વીજ પ્રવાહ ફેલાયો હતો.

ઘટના બાદ ફાયર બ્રિગેડના જવાનોએ તાત્કાલિક સ્થળ પરનો વીજ પુરવઠો બંધ કરી દીધો હતો અને સાવચેતીના પગલે વિસ્તારને બેરિકેડ લગાવીને સીલ કરી દેવામાં આવ્યો હતો.

વીજ આંચકાનો ભોગ બનેલા છ વ્યક્તિઓને નજીકની હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમાંથી બેને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

એક નાની બાળકી, જેની ઓળખ રાગિની ઘનશ્યામ યાદવ (8) તરીકે થઈ છે, તેને બાયકુલાની મસીના હોસ્પિટલમાં મૃત જાહેર કરવામાં આવી હતી. એક નાગરિક અધિકારીએ જણાવ્યું હતું કે અન્ય ત્રણ - કિરણ અકબર નાઈક (19), તન્વી નરેશ હાંડે (19) અને સાહિલ સંદીપ તારે (19) હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેમની તબિયત સ્થિર હોવાનું જણાવવામાં આવ્યું હતું.

અન્ય બે વ્યક્તિઓને પરેલની ગ્લોબલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં સુજાતા (33) નામની મહિલાને મૃત જાહેર કરવામાં આવી હતી. એક સગીર બાળકી, રૂહી સિંહ (12) ની તબિયત નાજુક છે અને તેને ઇન્ટેન્સિવ કેર યુનિટ (આઈસીયુ) માં દાખલ કરવામાં આવી છે.

## દિલ્હીમાં ક્રેન અને રિક્ષાને ડમ્પરે ટક્કર મારતાં ૪નાં મોત

**સરિતા** વિહાર વિસ્તારમાં બનેલો બનાવ

નવી દિલ્હી, તા. ૨૦ (પીટીઆઈ): દક્ષિણપૂર્વ દિલ્હીના સરિતા વિહાર વિસ્તારમાં રવિવારે ટ્રાફિક પોલીસ માટે સીસીટીવી કેમેરા ઈન્સ્ટોલ કરવાનું કામ કરી રહેલા કામદારોની એક પાર્ક કરેલી ક્રેન અને ઓટો-રિક્ષાને એક ડમ્પર અડફેટે લેતાં એક એચઆર મેનેજર સહિત ચાર લોકોનાં મોત થયાં હતાં અને બે લોકો ઘાયલ થયા હતા. એમ પોલીસે જણાવ્યું હતું.

મૃતકો સીસીટીવી ઈન્સ્ટોલેશન કંપની માટે કામ કરતા હતા અને તેમાં બે પિતરાઈ ભાઈઓનો પણ સમાવેશ થાય છે. રવિવારે સવારે ૩:૨૦ વાગ્યે આ ઘટના બન્યા બાદ ઘટનાસ્થળેથી નાસી છૂટેલા ડમ્પરના ડ્રાઈવરને બાદમાં પકડી લેવામાં આવ્યો હતો.

ઘટના ત્યારે બની જ્યારે હરિયાણા પાસિંગનું મધ્યમ કદનું ડમ્પર નોઈડાથી દિલ્હી તરફ જઈ રહ્યું હતું અને રસ્તાની બાજુમાં પાર્ક કરેલી ક્રેન સાથે અથડાયું હતું. ટ્રાફિક પોલીસના સર્વેલન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ભાગરૂપે સીસીટીવી કેમેરા ઈન્સ્ટોલ કરી રહેલા કામદારો દ્વારા ક્રેનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો, જ્યારે કામદારોમાંથી કેટલાકને લઈને જતી એક ઓટો-રિક્ષા નજીકમાં પાર્ક કરેલી હતી.



નેપાળમાં પૂર હોનારતને ત્રણ સપ્તાહ કરતા વધુ સમય થઇ ગયો છે છતાં હજી સુધી બચાવ અને શોધ કાર્ય ચાલુ છે. હજી મૃતદેહો મળી રહ્યા છે અને ૬૦૦૦થી વધુ લોકો લાપતા છે ત્યારે કાદવ કીચડ વચ્ચે અત્યંત મુશ્કેલ સ્થિતિમાં મૃતદેહો બહાર કાઢીને લઇ જઇ રહેલા બચાવ કાર્યકરો તસવીરમાં નજરે પડે છે.

## કાલે એકતાનગરમાં ૭૨મો નેશનલ ફિલ્મ એવોર્ડ્સ વિતરણ સમારંભ

**સ્ટેચ્યુ** ઓફ યુનિટીની સમીપે પ્રથમવાર ભવ્ય એવોર્ડ વિતરણ સમારંભ યોજાશે

**રાષ્ટ્રપતિ** દ્રોપદી મુર્મુના હસ્તે એવોર્ડોનું વિતરણ થશે

ગાંધીનગર,તા.20: વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની ભવ્ય પૃષ્ઠભૂમિમાં ૨૨ સપ્ટેમ્બરે એકતાનગર ખાતે ૭૨મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સનો ભવ્ય સમારોહ યોજાશે, જેમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ વર્ષ ૨૦૨૪ની ભારતીય સિનેમાની શ્રેષ્ઠ સર્જનાત્મક અને તકનીકી સિદ્ધિઓ બદલ દેશભરના ફિલ્મ નિર્માતાઓ, કલાકારો, દિગ્દર્શકો અને ટેક્નિશિયનોને રાષ્ટ્રીય સન્માન એનાયત કરશે. ખાસ વાત એ છે કે નેશનલ ફિલ્મ એવોર્ડ્સને હવે માત્ર રાષ્ટ્રીય રાજધાની સુધી સીમિત ન રાખી દેશના વિવિધ રાજ્યો અને શહેરોમાં યોજવાનો નિર્ણય લેવાયો છે અને આ નવી પહેલની શરૂઆત એકતાનગરથી થઈ રહી છે.

૧૯૫૪માં સ્થાપિત નેશનલ ફિલ્મ એવોર્ડ્સ ભારતીય સિનેમામાં ઉત્કૃષ્ટતા માટે દેશના પ્રતિષ્ઠિત સન્માનોમાં સ્થાન ધરાવે છે. સાત દાયકાની આ યાત્રામાં ફીચર ફિલ્મ, નોન-ફીચર ફિલ્મ અને સિનેમા પરના લેખન સહિતના ક્ષેત્રોમાં સર્જનાત્મક તથા તકનીકી સિદ્ધિઓને સન્માનિત કરવામાં આવી છે. એકતાનગરમાં યોજાનારો આ સમારોહ દેશની ભાષાકીય, સાંસ્કૃતિક અને પ્રાદેશિક વિવિધતાને એક મંચ પર લાવવાની સાથે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવનાને પણ ઉજાગર કરશે. ૭૨મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સમાં 'આર્ટિકલ ૩૭૦'ને શ્રેષ્ઠ ફીચર ફિલ્મ તરીકે સન્માનિત કરવામાં આવશે. આ જ ફિલ્મ માટે યામી ગૌતમને શ્રેષ્ઠ અભિનેત્રીનો પુરસ્કાર મળશે. 'બ્રહ્મયુગમ' માટે મમૂટી અને 'ચંદુ ચેમ્પિયન' માટે કાર્તિક આર્યનને સંયુક્ત રીતે શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ એનાયત થશે, જ્યારે 'સ્વાતંત્ર્ય વીર સાવરકર' માટે રણદીપ હૂડાને શ્રેષ્ઠ ડેબ્યૂ દિગ્દર્શકનો પુરસ્કાર મળશે.

'ભંગાર'ને શ્રેષ્ઠ નોન-ફીચર ફિલ્મ અને 'રામ-નામી'ને શ્રેષ્ઠ ડોક્યુમેન્ટરીનો પુરસ્કાર મળશે. 'કલ્કિ ૨૮૯૮ એડી', 'અમરન', 'પુષ્પાઃ ધ રૂલ પાર્ટ-૦૨', 'ભૂલ ભુલૈયા ૩' અને 'સ્ત્રી ૨' સહિતની ફિલ્મોને પણ વિવિધ કેટેગરીમાં સન્માન મળવાનું છે. આ વખતે નેશનલ ફિલ્મ એવોર્ડ્સના નોન-ફીચર વિભાગમાં પ્રથમ વખત સંથાલી ફિલ્મને પણ સન્માન મળશે.

KALAMANDIR
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,41,590/-
18 KT 1,15,800/- 14 KT 90,020/-
+91 95109 70230
વડોદરા | મુંબઇ | અમદાવાદ | સુરત | વાપી | ભરૂચ | કોસંબા

## ઇટાલિની શાળાઓમાં બુરખા પર પ્રતિબંધ મૂકવાની મેલોનીની યોજના

**વર્ગખંડોમાં** વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા સીમિત કરવામાં આવશે

રોમ, તા. 20 (AP) ઇટાલિયન વડાં પ્રધાન જ્યોર્જિયા મેલોનીએ રવિવારે જણાવ્યું હતું કે, તેઓ ટૂંક સમયમાં તેમની સરકાર સમક્ષ એક પગલું રજૂ કરશે જે વર્ગખંડોમાં વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત કરશે અને શાળાઓમાં બુરખા તથા નકાબ પહેરવા પર પ્રતિબંધ મૂકશે.

મેલોનીએ તેમની રાષ્ટ્રવાદી રૂઢિચુસ્ત 'બ્રધર્સ ઓફ ઇટાલી' પાર્ટીની યુવા પાંખને જણાવ્યું હતું કે, આ પગલાથી શાળા પ્રણાલીમાં એકાકાર થવામાં ગંભીર મુશ્કેલીઓનો સામનો કરી રહેલા વિદેશી વિદ્યાર્થીઓનાં માતા-પિતા માટે ઇટાલિયન ભાષાના વર્ગો ફરજિયાત બનશે. રોમમાં યોજાયેલા 'જ્યોવંતુ નાઝિયોનાલે' રાષ્ટ્રીય મહોત્સવમાં લોકોના ઊભા થઈને તાળીઓના ગડગડાટ વચ્ચે મેલોનીએ જણાવ્યું હતું કે, "અમારા માટે, જે કોઈ પણ ઇટાલી આવે છે અને અહીં તેનું ભવિષ્ય બનાવવા માંગે છે તેણે આપણી ભાષા શીખવી પડશે, આપણી સંસ્કૃતિને સમજવી પડશે અને આપણા નિયમોનું સન્માન કરવું પડશે. તેમનું સ્વાગત કરવાનો આ એકમાત્ર ગંભીર રસ્તો છે."

મેલોનીએ ખાસ કરીને બુરખા અને નકાબ પરના પ્રતિબંધનો ઉલ્લેખ કર્યો હતો, પરંતુ મેલોનીએ હિજાબનો ઉલ્લેખ કર્યો ન હતો. એકવાર સરકાર દ્વારા મંજૂર થયા પછી આ પગલાને કાયદો બનવા માટે 60 દિવસની અંદર સંસદીય મંજૂરીની જરૂર પડશે.

## ઈરાને ટ્રમ્પને 7 શરતો મોકલી: કહ્યું કે યુધ્ધમાંથી નીકળવા શરતો માનવી પડશે

**ટ્રમ્પે** ઇરાનની કઠણ સંજોગોની ધમકી આપી

તેહરાન, તા. 20 : મધ્ય પૂર્વમાં યુદ્ધનો અંત લાવવા માટે ઈરાને યુનાઈટેડ સ્ટેટ્સને સાત શરતો મોકલી છે, આ યુદ્ધ હવે સાઉદી અરેબિયા અને યમનના હૂતીઓ વચ્ચેની શત્રુતા સાથે વધી ગયું છે.

ઈરાનની સર્વોચ્ચ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના વડા મોહસિન રેઝાઈએ શનિવારે જણાવ્યું હતું કે, તેહરાને યુદ્ધનો અંત લાવવા માટે તેની શરતો રજૂ કરી છે - આ યુદ્ધ હવે સાતમાં મહિનામાં છે - અને તેઓ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રતિસાદની રાહ જોઈ રહ્યા છે.

રેઝાઈએ રવિવારની વહેલી સવારે એક્સ પર પોસ્ટ કર્યું, "કોઈપણ વાટાઘાટો શરૂ કરવા માટે ઈરાનની સાત શરતો યુએસ સરકારને જાહેર કરવામાં આવી છે. તેહરાનનો સંદેશ સ્પષ્ટ છે; જો વાશિંગ્ટન તેણે ખુદ ઊભી કરેલી મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માંગતું હોય અને તેમાં વધુ ન ફસાવા માંગતું હોય તો તેની પાસે ઈરાનના અધિકારો અને શરતો સ્વીકારવા સિવાય કોઈ વિકલ્પ નથી." શનિવારે પ્રકાશિત કતારના અલ જઝીરા સાથેના એક ઈન્ટરવ્યુમાં રેઝાઈએ જણાવ્યું હતું કે, શરતોમાં તમામ મોરચે યુદ્ધનો અંત લાવવો, ઈરાનની જપ્ત કરાયેલી અસ્કયામતો છોડવી અને ઈરાની બંદરોની યુએસ નાકાબંધીનો અંત લાવવાનો સમાવેશ થાય છે. રેઝાઈએ એમ પણ કહ્યું કે, ઈરાન ઈચ્છે છે કે, યમન અને સાઉદી અરેબિયા વચ્ચે ચાલી રહેલી લડાઈનો અંત આવે. આની સામે જોકે ટ્રમ્પે ઈરાનને કઠણ સંજોગોની ધમકી આપી હતી અને યમનમાં સંભવિત હુમલાની ચેતવણી આપી હતી.




NATIONAL STOCK EXCHANGE OF INDIA LIMITED is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public Offer of its Equity Shares and has filed a red herring prospectus dated September 10, 2026 with the RoC. The RHP is made available on the website of the SEBI at www.sebi.gov.in as well as on the website of the BRLMs i.e., Kotak Mahindra Capital Company Limited at https://investmentbank.kotak.com; JM Financial Limited at www.jmfl.com; Morgan Stanley India Company Private Limited at www.morganstanley.com/india; Citigroup Global Markets India Private Limited at https://www.citigroup.com/global/about-us/globalpresence/india; HSBC Securities and Capital Markets (India) Private Limited at www.business.hsbc.co.in; J.P. Morgan India Private Limited at www.jpmipl.com; Anand Rathi Advisors Limited at www.anandrathiib.com; Avendus Capital Private Limited at www.avendus.com; Axis Capital Limited at www.axiscapital.co.in; DAM Capital Advisors Limited at www.damcapital.in; Equirus Capital Limited (*formerly known as Equirus Capital Private Limited*) at www.equirus.com; HDFC Bank Limited at www.hdfc.bank.in; ICICI Securities Limited at www.icicisecurities.com; IDBI Capital Markets & Securities Limited at www.idbicapital.com; IIFL Capital Services Limited (*formerly known as IIFL Securities Limited*) at www.iiflcapital.com; Motilal Oswal Investment Advisors Limited at www.motilaloswal.com; Nuvama Wealth Management Limited at www.nuvama.com; Pantomath Capital Advisors Private Limited at www.pantomathcapital.com, 360 ONE WAM Limited at www.360.one and SBI Capital Markets Limited at www.sbicaps.com, the website of BSE at www.bseindia.com and the website of our Company at www.nseindia.com. Any potential investor should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risks, please see the section "*Risk Factors*" beginning on page 26 of the RHP. Potential investors should not rely on the DRHP for making any investment decision but should only rely on the information included in the RHP filed by the Company with the RoC, the SEBI and the Stock Exchange.
The Equity Shares offered in the Offer have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended (the "U.S. Securities Act") or any other applicable law of the United States and, unless so registered, may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold (a) within the United States only to persons reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act and referred to in the RHP as "**U.S. QIBs**"; for the avoidance of doubt, the term "U.S. QIBs" does not refer to a category of institutional investor defined under applicable Indian regulations and referred to in the RHP as "QIBs") in transactions exempt from, or not subject to, the registration requirements of the U.S. Securities Act; and (b) outside of the United States in offshore transactions as defined in and in compliance with Regulation S under the U.S. Securities Act ("**Regulation S**") and the applicable laws of the jurisdiction where those offers and sales are made.

## ઉત્તર કોરિયાએ ફરીથી મિસાઈલ લોન્ચ કરતા કોરિયન ક્ષેત્રમાં ભારે તનાવ

સૌલ, તા. 20 (એપી) - ઉત્તર કોરિયાએ રવિવારે સમુદ્ર તરફ એક ટૂંકા અંતરની બેલેસ્ટિક મિસાઈલ લોન્ચ કરી છે. તેમ દક્ષિણ કોરિયાના લશ્કરે જણાવ્યું હતું. ઉત્તર કોરિયા દ્વારા તેના પરમાણુ પ્રતિરોધક ક્ષમતાઓને મજબૂત કરવા અને યુએસની શત્રુતાપૂર્ણ કાર્યવાહીનો જવાબ આપવાની ધમકી આપવામાં આવી તેના બે દિવસ પછી આ ઘટના બની છે. દક્ષિણ કોરિયાના લશ્કરે જણાવ્યું હતું કે, મિસાઈલ ઉત્તર કોરિયાની પૂર્વીય જળસીમા તરફ આશરે 450 કિલોમીટર સુધી ગઈ હતી.

કલાકો પછી સેનાએ જણાવ્યું હતું કે, ઉત્તર કોરિયાએ તેના પૂર્વીય તટ પરથી અન્ય એક પ્રોજેક્ટાઈલ લોન્ચ કર્યું છે, પરંતુ તે કયા પ્રકારનું શસ્ત્ર હતું તે અંગે કોઈ વધુ વિગતો આપી ન હતી. દક્ષિણ કોરિયાના લશ્કરે જણાવ્યું છે કે, તેણે તેની દેખરેખ સ્થિતિ વધારી દીધી છે અને યુનાઈટેડ સ્ટેટ્સ અને જાપાન સાથે લોન્ચ વિશેની માહિતીની નજીકથી આપ-લે કરી રહી છે.

## રાહુલના કાર્યક્રમમાં કોમેડિયને મોદીની મિમિક્રી કરતા વિવાદ

**મધ્યપ્રદેશમાં** રાહુલના કાર્યક્રમમાં પુલકિત મણીએ મોદીની ભેટવાની ટેવની ઠેકડી ઉડાવી

**ભાજપે** કોંગ્રેસને જોકરોની પાર્ટી ગણાવી



નવી દિલ્હી, તા. 20 (પીટીઆઈ): મધ્ય પ્રદેશમાં વિપક્ષી નેતાના એક કાર્યક્રમમાં સ્ટેન્ડ-અપ કોમેડિયન દ્વારા વડા પ્રધાન નરેન્દ્ર મોદીની મિમિક્રી કરવામાં આવ્યા બાદ ભાજપે રવિવારે જણાવ્યું હતું કે, કોંગ્રેસ એક 'સર્કસ' બની ગઈ છે અને રાહુલ ગાંધીને 'અસંસ્કારી નારાજ ફૂવા' કહ્યા છે.

કોંગ્રેસ દ્વારા એક્સ પર શેર કરવામાં આવેલા વીડિયોમાં શનિવારે ઈન્દોરમાં 'છાત્રોં કી ગૂંજ' કાર્યક્રમની નવીનતમ આવૃત્તિ દરમિયાન રાહુલ ગાંધી સાથે એક સ્કિટ રજૂ કરતી વખતે સ્ટેન્ડ-અપ કોમેડિયન પુલકિત મણિ વડા પ્રધાન મોદીની મિમિક્રી કરતો જોવા મળ્યો હતો.

આ ટૂંકા અભિનયમાં મણિ હસતાં-હસતાં સ્ટેજ પર આવે છે અને ગાંધીને ગળે લગાવે છે. ''મારા મિત્ર. તમે કેમ છો?'' આના પર ગાંધીએ જવાબ આપ્યો, "હું મજામાં છું; તમે કેમ છો, મોદીજી?'' મણિએ જવાબ આપ્યો, "ખૂબ જ પરેશાન કરી રહ્યા છો" અને "મારા મિત્ર" શબ્દનો ઉપયોગ કરીને હસવાનું ચાલુ રાખ્યું. ત્યાર બાદ ગાંધીએ કહ્યું, "તમને મળીને ખૂબ આનંદ થયો." અને મણિને "મને વધુ જણાવો" તેમ કહ્યું. કોમેડિયન હસતા રહ્યો અને ગાંધીને વારંવાર ભેટતો રહ્યો અને પછી પ્રેક્ષકો તરફ ઈશારો કરીને કહ્યું, "મા કો ખુરશી દો, મા."

આ રાજકીય સ્કિટ પર તીખી પ્રતિક્રિયા આપતાં કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે એક્સ પર લખ્યું, "અસંસ્કારી નારાજ ફુફા."

કેન્દ્રીય મંત્રી રિજીજુએ કહ્યું હતું કે, "કોંગ્રેસ પાર્ટી હાસ્ય કલાકારો અને જોકર્સની પાર્ટી બની ગઈ છે!